# વારાણસીમાં પ્રચાર માટે પ્રિયંકાનો ઈન્કાર

અમેઠી, તા.૨૬
કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા ગાંધીએ આજે જાહેરાત કરી હતી કે તેઓ વારાણસીમાં ચૂંટણી પ્રચાર કરશે નહીં. વારાણસીમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ચૂંટણી મેદાનમાં છે તેમની સામે કોંગ્રેસના અજય રાયને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પ્રશ્નોના જવાબમાં પ્રિયંકાએ કહ્યું હતું કે, તેઓ વારાણસીમાં પ્રચાર કરનાર નથી. માત્ર અમેઠી અને રાયબરેલીમાં જ પ્રચાર કરનાર છે. પ્રિયંકા વારાણસીમાં મોદીની વિરુદ્ધમાં પાર્ટીના ઉમેદવારની તરફેણમાં પ્રચાર કરી શકે છે તેવા અહેવાલ બાદ પ્રિયંકાએ આ અહેવાલને આજે રદિયો આપ્યો હતો. તાજેતરમાં જ પ્રિયંકાએ એમ કહીને ચર્ચા જગાવી હતી કે, વારાણસીમાંથી લોકસભાની બેઠક માટે નરેન્દ્ર મોદીને તેઓ પડકાર ફેંકવા ઇચ્છુક હતી પરંતુ પાર્ટી હાઈકમાન્ડ દ્વારા તેને રોકવામાં આવી



હતી. પ્રિયંકાનું કહેવું છે કે, ચૂંટણી નહીં લડવાનો તેનો અંગત નિર્ણય હતો. જો તે ચૂંટણી મેદાનમાં રહેવાની ઇચ્છા રાખી હોત તો પક્ષનો ટેકો પણ મળ્યો હતો. ચૂંટણી નહીં લડવાનો નિર્ણય અંગત રહ્યો હતો. પ્રિયંકાએ કહ્યું હતું કે, તેમના ભાઈ રાહુલ, માતા સોનિયા ગાંધી અને પતિ રોબર્ટ વાઢેરાનો સંપૂર્ણ ટેકો ચૂંટણી મેદાનમાં પણ મળ્યો હોત.

પ્રિયંકાએ ભારપૂર્વક કહ્યું હતું કે, તે માત્ર અમેઠીમાં જ પ્રચાર કરવા માંગે છે જ્યાંથી તેમના ભાઈ રાહુલ ચૂંટણી મેદાનમાં છે જ્યારે સોનિયા ગાંધી જ્યાંથી મેદાનમાં છે તે રાયબરેલીમાં પણ પ્રચાર કરવા ઇચ્છુક છે. જો કે, પ્રિયંકાએ આજે યોગગુરૂ બાબા રામદેવની વિવાદાસ્પદ ટિપ્પણી અંગે કોઇ પ્રતિક્રિયા કરવાનો ઇન્કાર કર્યો હતો. પ્રિયંકા પરોક્ષરીતે નરેન્દ્ર મોદીને ટાર્ગેટ બનાવી રહી છે. સાથે સાથે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે મત આપવા લોકોને અપીલ કરી છે. યુપીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાઓની વાત પણ કરી રહી છે. પ્રિયંકાએ હાલમાં જ ગુજરાતના વિકાસ મોડલની પણ ઝાટકણી કાઢી હતી અને ગુજરાતમાં જાસૂસી કાંડનો મુદ્દો પ્રચારમાં ઉઠાવ્યો હતો.

# રામદેવને જેલ ભેગા કરવાની માયાવતીની જોરદાર માંગણી

લખનૌ,તા. ૨૬
બહુજન સમાજ પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીએ આજે નારાજગી વ્યક્ત કરતા યોગ ગુરૂ બાબા રામદેવને જેલ ભેગા કરવા સૂચન કર્યું હતું. માયાવતીએ ચેતવણી આપતા કહ્યું હતું કે, દલિતોના સંબંધમાં યોગ ગુરૂ દ્વારા ખુબ જ અશ્લિલ ટિપ્પણી કરવામાં આવી છે જેને ચલાવી લેવાશે નહીં. માયાવતીએ દલિતોના સંદર્ભમાં કરવામાં આવેલી ટિપ્પણીની ટિકા કરીને તેમની સામે કેસ દાખલ કરીને જેલ ભેગા કરવાની માંગણી કરી છે. માયાવતીએ કહ્યું છે કે, જો રામદેવ સામે કેસ દાખલ કરીને જેલ ભેગા કરવાની પ્રક્રિયા હાથ નહીં ધરાય તો દેશમાં રામદેવની સામે જોરદાર આંદોલન છેડવામાં આવશે. માયાવતીએ ચૂંટણી સભામાં કહ્યું હતું કે, બાબા રામદેવે લખનૌમાં કોંગ્રેસની ટિકા કરતા જે રીતે સમગ્ર દેશની દલિત બહેનો અને માતાની ઈજ્જત ઉપર પ્રહાર કર્યા હતા તે જોતા તેમની પાર્ટી આને કઠોર શબ્દોમાં વખોડે છે. રામદેવે ખુબ જ અશ્લિલ અને અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો



હતો. આનાથી દલિતોની બહેનોનું અપમાન થયું છે. માયાવતીએ કહ્યું હતું કે, તેઓ મુખ્ય ચૂંટણી કમિશનર અને ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટી સરકારને કહેવા માંગે છે કે, ભાજપના આ નેતા બની ગયેલા રામદેવની સામે કાર્યવાહી કરવામાં આવે. રામદેવને જેલ ભેગા કરવાની માયાવતીએ માંગણી કરી છે. સાથે સાથે ભાજપે આવા બાબાને તરત જ પાર્ટીમાંથી દૂર કરીને કઠોર વલણ અપનાવવું જોઈએ. બહુજન સમાજ પાર્ટી માનસિકતા ગુમાવી ચુકેલા આવા બાબા, ભાજપ અને સમાજવાદી પાર્ટીની સામે આંદોલન છેડશે. રામદેવે શુક્રવારના દિવસે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની સામે વાંધાજનક ટિપ્પણી કરીને કહ્યું હતું કે, રાહુલ ગાંધી દલિતોના ઘરમાં હનીમૂન અને પિકનિક મનાવવા જાય છે. આ મામલામાં તેમની સામે લખનૌમાં કલમ ૧૭૧ (૬) હેઠળ કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. દરમિયાન બાબા રામદેવે માફી માંગી લીધી છે પરંતુ આ મામલો હજુ ઉગ્ર બને તેવી શક્યતા છે.

**૫૪૩ બેઠકો પર ૭૬૮ મુસ્લિમ ઉમેદવાર હતા**

# ૨૦૦૯ ચૂંટણીમાં માત્ર ત્રણ મુસ્લિમ ઉમેદવારો જ જીત્યા

નવી દિલ્હી,તા. ૨૬
છેલ્લી લોકસભાની ચૂંટણીમાં દેશમાં કુલ ૫૪૩ બેઠકો ઉપર ૭૬૮ મુસ્લિમ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા પરંતુ માત્ર ૩૦ ઉમેદવારો જ જીત મેળવવામાં સફળ રહ્યા હતા. મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવાના મામલામાં કોંગ્રેસ પ્રથમ સ્થાને રહી છે. કોંગ્રેસે ૨૫ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી હતી જે પૈકી ૧૧ ઉમેદવારો જીત મેળવવામાં સફળ રહ્યા હતા ત્યારબાદ બહુજન સમાજ પાર્ટીએ ૧૧ અને સમાજવાદી પાર્ટીએ ૧૦ ઉમેદવારોને ટિકિટ આપી હતી. બહુજન સમાજ પાર્ટીના ચાર મુસ્લિમ સાંસદ લોકસભામાં પહોંચ્યા હતા જ્યારે સમાજવાદી પાર્ટીના કોઈપણ ઉમેદવારની જીત થઈ ન હતી. આસામ યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટે સૌથી વધારે સાત ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા હતા. માર્ક્સવાદી કોમ્યુનિસ્ટ પાર્ટીએ પણ સાત મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણીમાં જે ૩૦ મુસ્લિમ ઉમેદવારોએ જીત મેળવી હતી તેમાં કોંગ્રેસના ૧૧, બહુજન સમાજ પાર્ટીના ૪, નેશનલ કોન્ફરન્સના ૪, તૃણમુલ કોંગ્રેસના ૩, મુસ્લિમ લીગના ૨, ભાજપના એક, આસામ યુનાઈટેડ ફ્રન્ટના એક, જનતા દળ (યુ)ના ૧ અને ડીએમકેના ૧નો સમાવેશ થાય છે. દેશમાં કુલ ૭૬૮ મુસ્લિમ ઉમેદવારોએ ભાગ્ય અજમાવવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આમાથી ૭૨ મુસ્લિમ ઉમેદવાર એવા હતા જે મુસ્લિમ ઉમેદવારને સૌથી મોટી પાર્ટી તરફથી ટિકિટ મળી હતી. દેશમાં લોકસભાની સૌથી વધારે બેઠકો ઉત્તરપ્રદેશમાં છે. સૌથી વધારે સાત મુસ્લિમ ઉમેદવારો પણ ઉત્તરપ્રદેશમાંથી જીત્યા હતા. તૃણમુલ કોંગ્રેસના ત્રણ ઉમેદવારોને જીત મળી હતી.

**બેંક ખાતાઓ અંગે માહિતીની આપલે : ચિદમ્બરમ**

# કાળા નાણાં મામલે ભારતની સ્વિસ સાથે ગંભીર વાતચીત

નવીદિલ્હી, તા. ૨૬
કેન્દ્રીય નાણાપ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, ભારત અને સ્વિત્ઝર્લેન્ડ યુરોપિયન દેશમાં પડેલા કાળા નાણા સાથે સંબંધિત ચોક્કસ ખાતાઓ અંગે માહિતીની આપલે કરવાના પાસા ઉપર ચર્ચા કરી રહ્યા છે. પ્રધાને કહ્યું હતું કે, તેમને તેમના સ્વિસ સમકક્ષ તરફથી પત્રોનો જવાબ મળ્યો છે. આગામી થોડાક દિવસમાં ભારતના જવાબને મોકલવામાં આવશે. એઆઈસીસીના હેડક્વાર્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા ચિદમ્બરમે કહ્યું હતું કે, કાળા નાણા સાથે સંબંધિત ચોક્કસ ખાતાઓ અંગે માહિતીની આપલે કઈ રીતે થઈ શકે છે તે મુદ્દા ઉપર સ્વિસ નાણા મંત્રી સાથે તેમની વાતચીત થઈ છે. ટૂંક સમયમાં જ આ વાતચીત આગળ વધશે. સ્વિસ નાણાપ્રધાન વિદમેરને લખવામાં આવેલા પત્રમાં તેમણે કહ્યું છે કે, અમને જવાબ મળી ગયો છે. વધુ પત્રની આપલે કરવામાં આવનાર છે. પત્રમાં શું વિગત છે તે અંગે પુછવામાં આવતા નાણામંત્રીએ કહ્યું હતું કે, આ ખુબ લાંબો જવાબ છે. કેટલાક મામલાઓમાં સ્વિસની સ્થિતિનો બચાવ કર્યો હતો. પ્રધાને ઉમેર્યું હતું કે, આ ખુબ જ સંવેદનશીલ નિવેદન છે. અભ્યાસમાં સાવધાનીપૂર્વક ચકાસણી થઈ રહી છે. આગામી થોડાક દિવસમાં જવાબ મોકલવામાં આવશે. માર્ચ મહિનામાં સ્વિસ પ્રધાનને લખવામાં આવેલા બે પાનાના પત્રમાં ચિદમ્બરમે તેમની વિનંતીને બ્લોક કરવા બદલ જી-૨૦ જેવા બહુસ્તરીય મંચ ઉપર લઈ જવા આ યુરોપિયન દેશને ધમકી આપી હતી. બેંકની ગુપ્તતા સાથે સંબંધિત યુગનો અંત આવી ચુક્યો છે તેવું નિવેદન જી-૨૦ના દેશો દ્વારા કરવામાં આવ્યા બાદ આ નિવેદનની પણ યાદ અપાવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારત જો સહકાર મળશે નહીં તો સ્વિત્ઝર્લેન્ડને બિનસહકારવાળા દેશ તરીકે જાહેર કરવા જેવા પગલા લેશે. સ્વિત્ઝર્લેન્ડે ડબલ ટેક્સેસન એવોઈડન્સ એગ્રીમેન્ટની શરતોને પાળી નથી. બંને દેશો વચ્ચે આ સમજૂતિ થયેલી છે જે હેઠળ સ્વિસ બેંકોમાં ખાતા ધરાવતા ભારતીયો અંગે માહિતી આપવાની જોગવાઈ છે. જો ટેક્સ સત્તાવાળાઓ દ્વારા કોઈ માહિતી માંગવામાં આવે તો આ માહિતી આપવી પડે તેવી જોગવાઈ છે.

# કાશ્મીરમાં ઘરમાં છુપાયેલ ત્રણેય ત્રાસવાદી મોતને ઘાટ

જમ્મુ,તા. ૨૬
દક્ષિણ કાશ્મીરના સોપિયન જિલ્લામાં એક ઘરમાં છુપાઈ ગયેલા ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. આની સાથે જ છેલ્લા ઘણા કલાકોથી ચાલી રહેલા એન્કાઉન્ટરનો અંત આવી ગયો છે. ત્રણેય આતંકવાદીઓને ફૂંકી મારવામાં આવ્યા છે. મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો છે. આ ભીષણ અથડામણમાં સેનાના એક મેજર અને આર્મી જવાન શહીદ થયા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ એન્કાઉન્ટર સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે, સવારે ૯.૧૫ વાગે ગોળીબારનો અવાજ બંધ થયો હતો અને ત્રણેય ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. શનિવારે વહેલી સવારે આ ઓપરેશનની શરૂઆત થઈ હતી. ત્યારબાદ દિલધડક ઓપરેશન કલાકો સુધી ચાલ્યું હતું. આશરે ચાર કલાક સુધી આ ઓપરેશન આગળ વધ્યું હતું. સુરક્ષા દળોએ ત્રણ આતંકવાદીઓની ઉપસ્થિતિ અંગે માહિતી મળ્યા બાદ શુક્રવારે સાંજે શ્રીનગરથી ૫૫ કિલોમીટરના અંતરે સોપિયનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આતંકવાદીઓને શરણાગતિ સ્વીકારવા કહેવામાં આવ્યું હતું પરંતુ ત્રાસવાદીઓ ગોળીબાર શરૂ કરી દીધો હતો. ત્યારબાદ સેનાએ દિલધડક ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશનમાં સેનાના એક મેજર અને જવાન શહીદ થયા હતા. ત્રાસવાદીઓને બહાર કાઢવા માટે કલાકો સુધી ઓપરેશન ચાલ્યું હતું. આખરે જે મકાનમાં ત્રાસવાદીઓ છુપાયેલા હતા તે મકાનને ફુંકી મારવામાં આવ્યું હતુ. જાણવા મળેલી માહિતી મુજબ ઘરમાં છુપાયેલા ત્રાસવાદીઓના મોત થઈ ગયા હતા. સેનાના પ્રવકતાએ માહિતી આપતા કહ્યું હતું કે મેજર મુકુન્દ વર્ધરાજન અને જવાન વિક્રમ આ ઓપરેશનમાં શહીદ થયા હતા. બે સ્થાનિક અને એક વિદેશી એમ કુલ ત્રણ ત્રાસવાદીઓ ચૂંટણીમાં ખલેલ પહોંચાડવા માટે ત્રાસવાદીઓ પહેલા પણ કેટલાક પ્રયાસો કરી ચુક્યા છે. આજે પરી ત્રાસવાદીઓ લડાયક બનીને હુમલા કરવાની તૈયારીમાં દેખાયા હતા ત્રાસવાદીઓ હાલ તેમના મિશનમાં નિષ્ફળ રહ્યા છે. કારણ કે સેના અને સુરક્ષા દળ દ્વારા કેટલાક પગલા લેવામાં આવ્યા છે. સોપિયન અનંતનાગ સંસદીય મત વિસ્તારના એક ભાગ તરીકે છે. અહીં ગુરુવારના દિવસે મતદાનના અંતે પણ ગોળીબાર કરાયો હતો.



**મિનિટોના ગાળામાં જ બે વખત પરિક્ષણ**

# આધુનિક આકાશ મિસાઇલનું ઓરિસ્સામાં ફરી પરિક્ષણ થયું

બેલાસોર,તા. ૨૬
ભારત આજે આકાશ મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું હતું. ઓરિસ્સામાં બેલાસોર નજીક ચાંદીપુર ખાતે ઈન્ટેગ્રેટેડ ટેસ્ટ રેન્જ (આઈટીઆર) ખાતેથી એરફોર્સ દ્વારા યુઝર ટ્રાયલના ભાગરુપે સ્વદેશીરીતે વિકસિત કરવામાં આવેલી ભૂમિથી હવામા પ્રહાર કરવામાં સક્ષમ આકાશ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ટ્રાયલના સફળરીતે બે રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. અતિઆધુનિક આકાશ મિસાઈલનું પરિક્ષણ પહેલા ૧૧.૫૫ વાગે અને ત્યારબાદ ૧૨ વાગે કરવામાં આવ્યું હતું. લોન્ચ સંકુલ-૩થી ટૂંકા ગાળામાં અતિઆધુનિક આકાશ મિસાઈલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું. બંને ટ્રાયલ સંપૂર્ણપણે સફળ રહ્યા હતા. આઈટીઆરના ડિરેક્ટર એમકેવી પ્રસાદે કહ્યું હતુ કે, સમગ્ર કવાયત ઈન્ડિયન એરફોર્સ દ્વારા યુઝર ટ્રાયલના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી. દરેક મિસાઈલે પાયલોટ વગરના ટાર્ગેટ વિમાન લક્ષ્ય દ્વારા છોડવામાં આવ્યું હતું. ટ્રાયલ દરમિયાન દરેક મિસાઈલે ટીટીએ દ્વારા ટેકો ધરાવતા સાધનને ટાર્ગેટ બનાવીને છોડવામાં આવ્યું હતું. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસિત કરવામાં આવેલી આકાશ મિસાઈલ જમીનથી આકાશમાં પ્રહાર કરવામાં સક્ષમ મિડિયમ રેન્જની મિસાઈલ છે. આ મિસાઈલ ૨૫ કિલોમીટર સુધી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત ૬૦ કિલોગ્રામ વોરહેડને લઈને ત્રાટકી શકે છે.

# બુલેટ ટ્રેનનું સ્વપ્ન ઝડપથી પૂર્ણ કરવા રેલવે સુસજ્જ

**ટેકનોલોજી ટ્રાન્સફર મારફતે બુલેટ ટ્રેનના કોચ ભારતમાં બનાવવા હિલચાલ ખર્ચ ઘટાડાશે**

નવી દિલ્હી,તા. ૨૬
દેશમાં બુલેટ ટ્રેનનુ સ્વપ્ર હવે સ્વપ્ર રહેશે નહી કારણ કે આને હકીકતમાં બદલી નાંખવા માટે રેલવે દ્વારા કમર કસી લેવામાં આવી છે. ૧૬મી મેના દિવસે કેન્દ્રમાં નવી સરકાર સત્તારૂઢ થઈ ગયા બાદ ઝડપથી રેલવે આગળ વધવા સજ્જ છે. રેલવે દ્વારા તમામ સંબંધિત કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. રેલવેના એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે હાઈ સ્પીડ ટ્રેન પ્રવાસના ખર્ચને દેશમાં નીચે રાખવામાં આવશે કારણ કે અર્થતંત્રના કદ અને સ્વદેશીકરણ પર ભાર રહેશે. રેલ વિકાસ નિગમ લિમિટેડના સીએમડી અને હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના ચેરમેન સતીશ અગ્નિહોત્રીએ માહિતી આપતા કહ્યું છે કે અમે નવી સરકાર સત્તારૂઢ થાય તેની રાહ જોઈ રહ્યા છીએ. હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટ પર ત્યારબાદ ઝડપથી આગળ વધવામાં આવશે. અગ્નિહોત્રીએ કહ્યું હતું કે કોર્પોરેશન દિલ્હી-આગરા સેક્સન પર સ્પીડને વધારવા માટે પ્રોજેક્ટ પર કામ શરૂ કરી દીધુ છે. આ સ્પીડને ૧૬૦ સુધી લઈ જવામાં આવસે. પ્રવાસને ૧૩૦ મિનિટથી ઘટાડીને ૧૦૦ મિનિટથી નીચે લઈ જવાની તૈયારી કરવામાં આવી છે. આગામી તબક્કામાં કોર્પોરેશનસ્પીડને વધુ ઝડપી બનાવવા માટે કામ કરશે.રેલવે બોર્ડના ચેરમેન અરૂણેન્દ્ર કુમારે વર્તમાન ટ્રેકને વધુ અપગ્રેડ કરીને ટ્રેનની ઝડપને વધારવા માટેના પ્રયાસો કરશે. અગ્નિહોત્રીએ કહ્યું હતું કે વધુ પેસેન્જર ટ્રેનને મેળવવા માટે કોર્પોરેશન દ્વારા નવા ડેડિકેડેડ કોરિડોર બનાવીને ૨૦૦-૩૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી ટ્રેન દોડાવવાની પણ હિલચાલ છે. અગ્નિહોત્રીએ કહ્યું છે કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નાણાંકીય રીતે હવે આગળ વધશે. ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ બુલેટ ટ્રેનનુ સ્વપ્ર પૂર્ણ કરવાનુ કેટલીક વખત વચનઆપ્યું છે.હાઈ સ્પીડ અથવા તો બુલેટ ટ્રેનની વાત દેશમાં કેટલીક વર્ષોથી ચાલી રહી છે પરંતુ હજુ સુધી ા દિશામાં નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. ટેકનોલોજી ટ્રાન્સફરની મદદથી ભારતમાં બુલેટ ટ્રેન માટેના કોચ બનાવી શકાય છે. આના કારણે ખર્ચમાં ઘટાડો થશે. હાઈસ્પીડ ટ્રેનનો મતલબ અમીર લોકો માટે હોઈ શકે છે કારણ કે હાઈસ્પીડમાં પ્રવાસનો ખર્ચ વધારે થશે. જો કે, આને મોટી સંખ્યામાં યાત્રી ટ્રાફિકને ધ્યાનમાં લઈને ઘટાડી શકાય છે. રેલવેને આશા છે કે, જો ભાજપ સત્તા ઉપર આવશે તો હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટ પણ ઝડપથી આગળ વધશે. ભાજપે તેના ચૂંટણી ઢંઢેરામાં યાત્રીઓને વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા રેલવેના અપગ્રેડેશન અને રેલવે નેટવર્કને વધુ મજબૂત કરવાની વાત કરી છે. હાઈસ્પીડ ટ્રેન નેટવર્કના ડાયમંડ ક્વાડ્રીલેટરલ પ્રોજેક્ટને અમલી બનાવીને દેશના અર્થતંત્રને પણ મજબૂત કરી શકાય છે.

**લાગણીનો મેળો** (પાના નં. ૪ નું ચાલુ)

◆ શહેરના વૃદ્ધાશ્રમ, અંધશાળા, બાલાશ્રમમાં જઈ સ્થાનિક નિવાસીઓને ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિ કરે. બાળક વ્યક્તિગત રીતે દસેક દિવસ અન્ય ને ઉપયોગી થાય (ભલું કાર્ય કરે) અને તેની નોંધ રજુ કરે.

◆ રૂમ સ્વચ્છતા અને સુશોભન કાર્યક્રમ યોજવો.

◆ સ્વાવલંબન અને સાદગી પ્રેરિત પ્રવૃત્તિઓ.

◆ નાના સમૂહમાં કે વ્યક્તિગત રીતે જાતે કોઈ કામ કરી રૂપિયા ૨૫-૫૦ સુધીની કમાણી કરી નોંધ રજુ કરો.

◆ પોતાના સ્વ-ખર્ચ - ખિસ્સા-ખર્ચમાં કાપ મૂકી ત્રણેક માસ સુધી બચત કરી નોંધ રાખો.

◆ ચોક્કસાઈ અને સુઘડતા પ્રેરિત પ્રવૃત્તિઓ.

◆ હસ્ત કળા કારીગરીના નમુના તૈયાર કરાવો.

◆ ઈકો-ફ્રેન્ડલી રંગોળી તૈયાર કરાવો.

◆ હાથ પર મહેંદી, કાપડ પર ભરતકામ કે ચિત્રકામ કરાવો.

◆ જીવન ઉપયોગી વિષય સાથે શોખ પ્રેરિત થાય તેવી પ્રવૃત્તિ.

◆ વિવિધ ચાર્ટ તૈયાર કરાવો. જેવા કે ઔષધીય વનસ્પતિ, પોષક આહાર,પશુ-પંખી, ફૂલ.....

◆ વિવિધ સ્થળની મુલાકાત ગોઠવી તે અંગેની માહિતીનો અહેવાલ કે ચાર્ટ તૈયાર કરો.

◆ રૂબરૂ મુલાકાત ગોઠવી મળતી સેવાઓની વિગતનો ચાર્ટ બનાવે જેમ કે રહેણાંક નજીકના દવાખાના, દાકતર, પોસ્ટ ઓફીસ, ટેલીફોન ઓફીસ, પોલીસ કચેરી, ફાયર બ્રિગેડ, બેંક, ગ્રામપંચાયત, નગરપાલિકા, સરકારી સસ્તા અનાજની દુકાન, રેલવે, એસ.ટી. સ્ટેન્ડ, વગેરેની મુલાકાત.

◆ ટપાલ ટીકીટ, બાકસની છાપ, પીછા, વગેરેની સંગ્રહ પોથી તૈયાર કરો.

આમ વિધ-વિધ પ્રવૃત્તિઓ વિદ્યાર્થી શીખે અને પોતાના વાલીના પ્રમાણપત્ર મેળવે ત્યારબાદ શાળાના શિક્ષક પાસે કોઈ પણ ૩૦ પ્રવૃત્તિઓનું નિદર્શન કરે. જેનાથી બાળકને આત્મપ્રદર્શનની તક મળશે, સર્જનનો આનંદ પ્રાપ્ત થશે સાથે-સાથે શીખેલું જીવનભર યાદ રહેશે. વાલીઓને ખાસ વિનંતી કે તમારા બાળકને એક કાર્ડ ઉપર આ કૌશલ્યોની નોંધ કરાવો અને ક્રમશઃ રોજ એક થી બે કૌશલ્યો પૂર્ણ કરવા થોડી તાલીમ અને થોડું પ્રોત્સાહન આપો અને વાળુંના સમયે બલકે પ્રાપ્ત કરેલ કૌશલ્યની ચર્ચા કરો પછી નોકરી ધંધાથી પરત આવેલા પપ્પાના હાથે પેન- પેન્સિલ-પીપરમીન્ટ જેવો પુરષ્કાર આપો પછી જુઓ કે કેવું પરિવર્તન આવે છે.

ગીતાકારે યોગ કર્મેષુ કૌશલમ્ । - કર્મની કુશળતાને યોગ કહ્યો છે. આચાર્ય રજનીશજી એ - સ્ત્રીઓની કર્મ કુશળતામાં પૂજા નીરખી છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે. જો ગૃહિણી સાચા અર્થમાં માતા તરીકેની ભૂમિકા ભજવે તો બાળકોનો સર્વાંગી વિકાસ સંભવે...

***સ્પર્શમણિ :***

બાળક કોઈ નિર્જીવ માટીનો લોંદો છે એમ માની તેને ગૂંદી-ગૂંદીને ઘાટ આપવાનો ન હોય..... મા-બાપે તથા શિક્ષકે બાળક પોતે પોતાની જાતને કેળવતું થાય, પોતાની બૌધિકતા, નૈતિક, રચનાત્મક અને વહેવારુ શક્તિઓ વિકસાવે અને પોતે એક પૂર્ણ વ્યક્તિ તરીકે મુક્તપણે વિકાસ સાધે એ રીતનો વિકાસ કરવાની શક્તિ તેને મેળવી આપવામાં સહાય કરવાની છે.

**- મહર્ષિ અરવિંદ**

# ત્રીજા મોરચાને સમર્થન આપવા કોંગ્રેસ વિચારી શકે : ખુરશીદ

ફરુકાબાદ,તા. ૨૬
કેન્દ્રીય પ્રધાન સલમાન ખુરશીદે આજે કહ્યું હતું કે, કોંગ્રેસ લોકસભાની ચૂંટણી બાદ જો જરૂર ઉભી થશે તો ત્રીજા મોરચાને ટેકો આપવા વિચારણા કરી શકે છે. અથવા તો સરકારની રચવા કરવા માટે તેમનો ટેકો મેળવી શકે છે. સલમાન ખુરશીદે દાવો કર્યો હતો કે, નરેન્દ્ર મોદી ભાજપ માટે મોટી સમસ્યા તરીકે ઉભરી શકે છે.



રામ મંદિર ચળવળનો પણ તેઓએ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, જ્યારે ભગવાનથી લહેર પણ કોંગ્રેસને રોકી શકી ન હતી તો મોદીની લહેર કઈ રીતે રોકી શકે છે. તેમના વતન ગામ પિતાઉરામ ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ભાજપ સરકાર રચશે તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. ચૂંટણી પરિણામો બાદ જો જરૂર પડશે તો કોંગ્રેસ ત્રીજા મોરચાને ટેકો આપવા અથવા તો સરકારની રચના કરવા ત્રીજા મોરચાની મદદ મેળવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, ભાજપ દ્વારા બિનજરૂરી હોબાળો મચાવવામાં આવી રહ્યો છે. ખુરશીદે ઉમેર્યું હતું કે, મોદી મહાન હસ્તીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે ગયા હતા પરંતુ ગંગાના દર્શન અને પૂજન માટે ગયા ન હતા.

# મોદી વિરૂદ્ધ ટિપ્પણી બાદ ચિરંજીવી પર ઈંડા ફેંકાયા

મછલીપટ્ટનમ,તા. ૨૬
કેન્દ્રીય પ્રધાન અને આંધ્રપ્રદેશ કોંગ્રેસ ચૂંટણી પ્રચાર સમિતિના વડા કે ચિરંજીવી ઉપર આજે ઈંડાઓનો મારો ચલાવવામાં આવ્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને હિટલર અને તાનાશાહ તરીકે કહેવા બદલ એક જાહેરસભા દરમિયાન ચિરંજીવી ઉપર ઈંડાનો મારો ચલાવવામાં આવ્યો હતો. કોનેરૂ સેન્ટર ખાતે એક રેલીને સંબોધતા ચિરંજીવીને આ બનાવ બન્યા બાદ તેમના સંબોધનને રોકી દેવાની ફરજ પડી હતી. જો કે, પોલીસ સ્થિતિને કાબૂમાં લઈ લેવામાં સફળ રહી હતી. પ્રધાને ત્યારબાદ તેમનું ભાષમ જારી રાખ્યું હતું. આ સંબંધમાં બે શકમંદોની ધરપકડ



કરી લેવામાં આવી છે. અગાઉ તેમના ભાષણ દરમિયાન ચિરંજીવીએ કહ્યું હતું કે, મોદી તાનાશાહ છે, મોદી હિટલર છે. ભાજપ કોમવાદી પાર્ટી છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવારને ટાર્ગેટ બનાવીને ચિરંજીવીએ કહ્યું હતું કે, કોંગ્રેસને દેશમાંથી કોઈ પણ દૂર કરી શકે નહીં. ઘણી પાર્ટીએ આવા પ્રયાસ કર્યા હતા.